# District Health Society

District Programme Management Unit

S/4, Bahumali Bhavan, 2nd Floor, Nilambaug Circle, Bhavnagar (Gujarat).Ph:(0278) 2512443.


નં.જિ.પં/આરો/પી.એ.ન્યુટ્રીશન/NDD & Vit-A-રાઉન્ડ/ ૨૮૦ /૧૯ તા: ૧૭/૦૮/૨૦૧૯

પ્રતિશ્રી

1) તાલુકા શિક્ષણ અધિકારીશ્રી, તમામ......
2) બી.આર.સી./સી.આર.સી.શ્રી, તમામ.....
3) આચાર્યશ્રી તમામ.....
4) તાલુકા હેલ્થ ઓફીસરશ્રી, તાલુકા હેલ્થ કચેરી, તમામ......
5) સી.ડી.પી.ઓ.શ્રી, તમામ.....
6) મેડીકલ ઓફીસરશ્રી, પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર તમામ....
7) અર્બન હેલ્થ ઓફીસરશ્રી, અર્બન હેલ્થ સેન્ટર તમામ....
8) મુખ્ય સેવિકાશ્રી, તમામ......

વિષય :- રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ(નેશનલ ડી વોર્મિંગ ડે), રાઉન્ડ માટે IEC , તાલિમ તેમજ પૂર્વ તૈયારી કરવા તેમજ ઉજવણી કરવા બાબત

સંદર્ભ :- મા.અધિક નિયામકશ્રી ગાંધીનગર ના પત્ર નં ૨૦૧/પક/એસ.એન.સી/એન.ડી.ડી.રાઉન્ડ/વિટામીન-એ / ઓગસ્ટ- સપ્ટેબર-૨૦૧૯/રાઉન્ડ/૧૯, તા:૪/૭/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે થયેલ સુચના મુજબ ભાવનગર જિલ્લામાં 8 ઓગસ્ટ 2019 ના રોજ ભારત સરકાર દ્વારા ૧ થી ૧૯ વર્ષ ના તમામ બાળકોમાં કૃમિ નિયંત્રણ માટે નેશનલ ડીવોર્મિંગ ડે (NDD) તેમજ 16 ઓગસ્ટ 2019 ના રોજ મોપ અપ ડે કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે.

- ૧ થી ૧૯ વર્ષની વય જુથના તમામ બાળકોને એકજ દિવસે સામુહિક પ્રયત્નો દ્વારા માસ ડીવોર્મિંગ પ્રવુતિ કરી કૃમિનાશક ની ગોળી ગળાવવાની હોવાથી આંગણવાડી ખાતે નોંધાયેલ ન નોંધાયેલ તેમજ ન નોંધયેલ અને શાળાઓમાં , માધ્યમિક શાળા અને કોલેજના પેહલા વર્ષના કોલેજ જતા ન જતા બાળકોની યાદી બનાવવાની રહેશે. આ યાદી મુજબના બાળકોના ટાર્ગેટ મુજબ જરૂરી ગોળી નો સ્ટોક ઉપલબ્ધ હોય તે જોવું.
- આ પ્રોગ્રામનુ શિક્ષકો, આંગણવાડી કાર્યકર/તેમજ આશાબેન ની મદદ થી આરોગ્ય કાર્યકર દ્વારા માઇક્રો પ્લાન બનાવી અત્રેની કચેરીએ તા.5/8/2019 સુધીમાં મોકલી આપવાનુ રહેશે.
- દરેક શાળામાં NDD ની તમામ કામગીરી માટે નોડલ શિક્ષક નક્કી કરવાના રહેશે.
- આ કાર્યક્રમ 8 ઓગસ્ટ 2019 ના રોજ દરેક સ્કુલ માં તેમજ આંગણવાડી ખાતે આંગણવાડી કાર્યકર/વર્કર દ્વારા દરેક બાળકને આલ્બેન્ડાઝોલ ની ગોળી ખવડાવાની રહેશે.

Scanned by CamScanner

- જો બાળક બિમાર હોય અથવા બીજી કોઇ સારવાર ચાલુ હોય તે બાળકને આ ગોળી ગળાવવી નહી.
- આ ગોળી શિક્ષક, આંગણવાડી કાર્યકર/વર્કર તેમજ આરોગ્ય કાર્યકર/આશાબેન ના સુપરવીઝન હેઠળ ગોળી ગળાવવા ની રહેશે પરંતુ ઘરે લઇ જવા આપવી નહી.
- કાર્યક્રમ શરુ કરતા પહેલા લગત આરોગ્ય કર્મચારી, શિક્ષક, આશા તેમજ આંગણવાડી કાર્યકર/વર્કર અને બાળકો ના વાલી ને આ કાર્યક્રમની તાલીમ આપવાની રહેશે.
- દરેક સ્કુલ તેમજ આંગણવાડી કક્ષાએ બેનરો લગાવવા. દરેક તાલુકામાં દરેક ગામની શાળામાથી <u>તા.07/08/2019</u> ના રોજ બાળકો દ્વારા રેલીનું આયોજન કરવાનું રહેશે અને કરેલ કામગીરીના ફોટોગ્રાફ અત્રેની કચેરીએ મોકલવાના રહેશે.
- તેમજ ડીવોર્મિંગ બુથ/સાઇટ ખાતે સરકારી/અર્ધસરકારી તેમજ અન્ય શાળા અને આંગણવાડી ખાતે બુથ બેનર લગાવવાના રહેશે.
- તેમજ દરેક બુથ/સાઇટ ખાતે રીપોટીંગ ફોરમેટ બે-બે નકલ અચુક રાખવાના રહેશે.
- કામગીરી પુર્ણ થયે શાળા, આંગણવાડી તેમજ આશાબેનો દરેક પોતાને ત્યા કરવામાં આવેલ કામગીરીનું રીપોટીંગ કરવાનું રહેશે અને ANM/FHW/MPHS/MPW દ્વારા PHC સેન્ટર સુધી પોહ્ચાડવાનુ રહેશે .
- રીપોર્ટની એક કોપી દરેક શાળા તથા આંગણવાડી સેન્ટર પર રાખવાની રહેશે.
- આ તમામ કામગીરી આરોગ્ય, આઇ.સી.ડી.એસ. તેમજ શિક્ષણ વિભાગના સંકલન થી કરવાની રહેશે.

<u>કૃમિનાશક દવા (આલ્બેન્ડાઝોલ) આપવા માટે ઉમર પ્રમાણેના ડોઝ:</u>

(૧) <u>૧ થી ૨ વર્ષ સુધીના બાળકોને</u> ૨૦૦ મિ.ગ્રા.(૪૦૦ મિ.ગ્રા. ગોળીની અડધી ગોળી) આપવી.

(૨) <u>૨ વર્ષથી મોટી ઉમરના તમામ બાળકોને</u> આલ્બેન્ડાઝોલની ૪૦૦ મિ.ગ્રા.ની એક આખી ગોળી આપવી.

<u>ખાસ નોંધ:</u>

1) રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ(નેશનલ ડી વોર્મિંગ ડે)ના દિવસે તાલીમ તેમજ IEC નો થનાર ખર્ચ બજેટલાઇન 12.2.6. Printing of IEC materials and reporting formats etc. for National Deworming Day <u>સદરે બુક કરવાનો રહેશે. આ બજેટ વર્ષ- ૨૦૧૯-૨૦ મા થનાર બન્ને રાઉન્ડ દરમ્યાન ઉપયોગ કરવાનો રહેશે, જે ધ્યાને લેવુ.</u>
2) IEC માટે બેનર, પોસ્ટર અને પત્રિકા જીલ્લા કક્ષાએથી ફાળવવામાં આવશે એ સિવાયની નેશનલ ડી વોર્મિંગ ડે ની બાકી રહેતી IEC જેવી કે ભીત સુત્ર, નિબંધ સ્પર્ધા , માઇક પ્રચાર ,ટીવી તેમજ ન્યુઝ પેપરમાં જાહેરાત વગેરે જેવી જુદી-જુદી પ્રવુતિ કરી શકાય.

Scanned by CamScanner

૩) ૩૦/૭/૨૦૧૯ સુધીમાં તાલુકા તેમજ પ્રા.આ.કેંદ્ર પર આરોગ્ય, આઇ.સી.ડી.એસ. તેમજ શિક્ષણ વિભાગના સંકલન કરી અને તાલીમ પુર્ણ કરી દેવાની રહેશે.

ઉપરોક્ત કરેલ તમામ કામગીરી ના ફોટોગ્રાફ જિલ્લા કક્ષાએ મોકલી આપવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| જિલ્લા શિક્ષણ અધિકારી, [illegible], ભાવનગર | પ્રોગ્રામ ઓફીસર, આઇ.સી.ડી.એસ., જિલ્લા પંચાયત, ભાવનગર | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભાવનગર | સભ્ય સચિવ, D H S અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી,જિલ્લા પંચાયત, ભાવનગર |

<u>બિડાણ:</u>

1) માઈક્રોપ્લાનીંગ ફોર્મેટ
2) રીપોર્ટીંગ ફોર્મેટ( આશા, સ્કુલ, આગણવાડી અને પી.એચ.સી. & તાલુકા)
3) રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ(નેશનલ ડી વોર્મિંગ ડે) [illegible]

<u>નકલ સવિનય રવાના :-</u>

૧) અધિક નિયામકશ્રી (પ.ક.), આરોગ્ય તબીબી સેવાઓ અને ત.શિ. (આ.વિ.) - ગાંધીનગર.
૨) માન. નિયામકશ્રી, પ્રાથમીક અને માધ્યમીક શિક્ષણ- ગાંધીનગર.
૩) માન. નિયામકશ્રી, (આઇ.સી.ડી.એસ.) મહીલા અને બાળ વિકાસ - ગાંધીનગર.
૪) વિભાગીય નાયબ નિયામશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ - ભાવનગર.
૫) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત - ભાવનગર

<u>નકલ રવાના:-</u>

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૨૭૬
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૬/૭/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner